**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૩ ટકા

# શિયાળામાં લીલા શાકભાજીની વધતી માંગ









## શહેરમાં મેથી અને હળદરની સૌથી વધુ ડિમાન્ડ

ગાંધીનગર, તા.૨

શિયાળાની ઋતુ આવતા જ લીલા શાકભાજી ઓનડિમાન્ડ થઈ જાય છે. તેમાંય મેથી, લીલું લસણ, લીલી ડુંગળી, બીન્સ, વિવિધ ભાજી, હળદર, મૂળા, ગાજરની માંગ વધુ હોય છે. આમ તો આ દરેકને શિયાળામાં ખાસ આરોગાતા શાકભાજી કહી શકાય. શહેરમાં દરેક શાકભાજીની સિઝન શરૂ થતા ભાવ વધુ હતો જેમાં હાલ થોડો ઘટાડો જોવા મળી રહ્યો છે.

સિઝન બદલાતા આરોગાતી અમુક ચીજવસ્તુઓનું મહત્વ પણ બદલાતું રહેતું હોય છે. શિયાળામાં પોષણ ક્ષમ શાકભાજી સાથે ગરમ વસ્તુ ખાવાનું મહત્વ જયારે ઉનાળામાં સાંજે ઠંડી વસ્તુ આરોગવાનું મહત્વ છે. માનવ શરીરને તાજામાજા થવાની ઋતુ એટલે શિયાળાની ઋતુ તેમ કહી શકાય. જયારે શિયાળામાં લીલા શાકભાજીની ઉપજ પણ વધુ થતી હોવાથી શહેરીજનોને લીલા શાકભાજી આરોગવાની મજા જ કાંઈક ઓર લાગે છે. શરૂઆતની સિઝનમાં લીલા શાભાજીના ભાવ આસમાને હતા જે આજે મધ્યમ દરે પહોંચ્યા છે. શિયાળામાં વધુ આરોગાતા શાકભાજી મૂળો, મેથી, પાલક, તાદંળજો, બીન્સ, સવાની ભાજી જે ખરીદવાનો શહેરીજનોમાં ક્રેઝ જોવા મળી રહ્યો છે. શહેરના શાકભાજી માર્કેટમાં શહેરીજનો સૌથી વધુ મેથી અને હળદર લેતા નજરે ચઢી રહ્યા છે.

શહેરના માર્કેટમાં મૂળાનો ભાવ ૩૦ રૂ. કિલો, મેથી ૧૦ રૂ.ની ૧ ઝુડી, પાલક ૧૦ રૂ.ની એક ઝુડી, આંબા અને પીળી હળદર ૫૦ રૂ.ની કિલો, રતાળુ ૪૦ રૂપિયે કિલો, સવાની ભાજી ૧૦ રૂપિયાની એક, લીલું લસણ ૫૦ રૂ.નું ૧૦૦ ગ્રામ તથા બીન્સ ૭૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે.



‘જીવદયા’ આપણા સંસ્કાર છે. માનવ માત્રની સાથો સાથ પશુ પંખીઓનું ધ્યાન રાખવું, તેને દાણો-પાણી આપવું જેવા નિત્યક્રમો આપણા જીવ સાથે વણાઈ ગયા છે. જીવમાત્રને હાનિ થાય તેવું કંઈ પણ કરતાં આપણે અચકાઈએ છીએ. જીવદયાના આ અભિગમની સાથે હવે તો સરકાર પણ છે. કરુણા એમ્બ્યુલન્સ શરુ કરી સરકારે અબોલા જીવો પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતા વ્યકત કરી છે. સેકટર-૫માં એક કૂતરાને અકસ્માતમાં ઈજા થતાં એક જીવદયા પ્રેમીએ કરુણા એમ્બ્યુલન્સને ફોન દ્વારા બોલાવી કૂતરાની સારવાર કરાવી હતી.

## જિલ્લા માહિતી કચેરી ખાતે વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા માહિતી કચેરીના ટેકનીકલ સુપરવાઈઝર તન્વીર વોરા વય નિવૃત્ત થતાં તેમનો જિલ્લા માહિતી કચેરી પરિવાર દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક આર.આર.તુરી અને સ્ટાફ પરિવારે તેમના નિવૃત્ત બાદનું જીવન નિરોગીમય, તંદુરસ્તીમય અને દિર્ઘાયુ બને તે માટે શુભકામનાઓ પાઠવી હતી. તન્વીર વોરા માહિતી ખાતામાં તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૮૫માં ભરૂચ ખાતે મિકેનીકલની જગ્યા પર હાજર થયા હતા. તેમણે પોતાના ૩૪ વર્ષના નોકરી કાર્યકાળ દરમ્યાન મહેસાણા, અમદાવાદ, નર્મદા અને અંતે ગાંધીનગર જિલ્લા કચેરીમાં નિષ્ઠા સાથે ફરજ બજાવી છે.



આ પ્રસંગે સીનીયર સબ એડીટર પરિમલ પટેલ, સહાયક અધિક્ષક જયંતિભાઈ ચૌધરી, જુનિયર કલાર્ક દેવાંગ કાપડિયા, કેમેરામેન વિનોદભાઈ દાણીઘરિયા, ફોટોગ્રાફર જીગ્નેશ પટેલ, ડ્રાઈવર એસ.એ.પઠાણ તથા ઘનશ્યામસિંહ વાઘેલા, કચેરીના સેવક પી.એફ.પરમાર, પ્રભાબેન પરમાર અને આમીન મનસુરી ઉપસ્થિત રહ્યા હતાં.



જીઈબી કોલોની સ્થિત સરકારી પ્રાથમિક શાળાના બાળકોને શાળા દ્વારા સ્થાનિક પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત બાળકોને મુકિતધામ વનચેતનાની મુલાકાત કરાવવામાં આવી હતી. જયાં બાળકોએ ગેસ દ્વારા અગ્નિદાહ, રખડતા પ્રાણી-પક્ષીઓની સારવાર તથા સારસંભાળ, ચબુતરો, લાયબ્રેરી, અસ્થિકુંભ વિશે માહિતી મેળવી હતી.

## બેંક ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ઝોનનો ‘સ્ટાર મહોત્સવ’ ઉજવાયો

ગાંધીનગર, તા.૨

‘સ્ટાર મહોત્સવ’ શિર્ષક હેઠળ શહેરની બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સેકટર-૨૫ની ઈલેકટ્રોનિકસ જીઆઈડીસી ખાતે ગેઝિયાના ઓડિટોરિયમમાં કસ્ટમરમીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના એચ.આર. ડિપાર્ટમેન્ટના જનરલ મેનેજર આઈ.સી. મિશ્રા, એનબીજી સેન્ટ્રલ ગ્રુપના જનરલ મેનેજર એ.કે.જૈન, ગાંધીનગર ઝોનના ઝોનલ મેનેજર એસ.કે. બેહરા તથા ગીરીશકુમાર વગેરેએ ઉપસ્થિત રહી આશરે ૩૦ શાખાઓના ૧૫૦થી વધુ ગ્રાહકોને હાઉસિંગ લોન, વ્હિકલ લોન, મુદ્રા લોન, ડેરી લોન, કેસીસી અને એસએમઈ લોન વગેરેના લોન મંજૂરી પત્રો એનાયત કર્યા હતા.




**મુવી હાઉસ**

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
બાલા - ૧૦.૪૫, ૭.૧૫
પાગલપંતી - ૪.૦૫
હોટલ મુંબઈ
૧.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
યે સાલી આશિકી
૧૦.૦૦, ૯.૪૦
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૩.૫૫
ગુજરાત ૧૧ (ગુજરાતી)
૬.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૪૦, ૨.૨૦, ૭.૪૦, ૧૦.૨૦
કમાન્ડો ૩
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
કમાન્ડો-૩
૧૧.૧૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
હોટલ મુંબઈ
૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
યે સાલી આશિકી - ૧૨.૧૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૫.૨૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૧.૦૦
મરજાવા - ૧.૪૫, ૧૦.૩૦
બાલા - ૨.૦૦
પાગલપંતી - ૯.૫૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૦૫, ૪.૩૫, ૧૦.૨૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
મરજાવા - ૩.૪૦
પાગલપંતી - ૯.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧.૨૦, ૬.૫૦, ૯.૩૦
બાલા - ૪.૦૦
કમાન્ડો-૩
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫
હોટલ મુંબઈ - ૧૦.૧૦, ૧૨.૫૫, ૬.૩૦, ૯.૧૫
યે સાલી આશિકી
૧૦.૩૫, ૯.૩૦
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૩.૪૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**
મરજાવા - ૭.૩૦
બાલા - ૪.૩૦, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૨.૪૫
પાગલપંતી - ૨.૦૦, ૭.૦૦
ચાલ જીવી લઈએ - ૧૨.૦૦
કમાન્ડો-૩ - ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
હોટલ મુંબઈ
૧૨.૧૫, ૫.૧૫, ૯.૪૫
લવ યુ ટર્ન - ૫.૧૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૨.૪૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૧૦.૦૦
એકસ-રે - ૧૨.૦૦

# આનંદી માના વડલે હવે ગુંજશે ‘દિકરી દેવો ભવ’...!!

## આર્થિક સંકડામણને કારણે કોઈ દિકરીના લગ્ન અટકે નહી તેવી યોજનાનો આવતા સોમવારથી પ્રારંભ : કોઈ પણ જ્ઞાતિ-સમાજની દિકરીના લગ્ન પરિવારે નિર્ધારિલા મુહૂર્તે વિના મૂલ્યે ‘આનંદી માના વડલે’ કરી શકાશે

ગાંધીનગર, તા.૨

ચોતરફ લગ્નસરાની સીઝન પુરબહારમાં ખિલી છે અને પોતાના હૃદયના ટુકડા સમાન દિકરીનું કન્યાદાન કરતાં મા-બાપ આ કારમી મોંઘવારી અને મંદીના સમયમાં પણ પોતાની દિકરીને જરા પણ ઓછું આવે નહીં તેની ચોકસાઈ રાખી પેટે પાટા બાંધીને પણ ભવ્ય લગ્ન સમારંભના આયોજન કરતાં અચકાતાં નથી. જો કે દરેક મા-બાપ માટે આ શકય બનતું નથી. કેમકે મંદી-મોંઘવારી તેમજ સામાજિક કુરિવાજોમાં પીસાતા ગરીબ-મધ્યમ વર્ગના પરિવારો સમાજમાં ખૂબ મોટી સંખ્યામાં મોજુદ છે જેમના માટે દિકરીના લગ્ન કરાવવા એટલે આર્થિક દુઃસ્વપ્ન સમાન કાર્ય છે. આવા મા-બાપની વ્હારે હવે આવશે માણસા ખાતેની સંસ્થા ‘આનંદીમાનો વડલો’, જયાં આગામી તા. ૯મી ડિસેમ્બરથી એક અનોખી યોજનાનો પ્રારંભ થઈ રહ્યો છે જેનું નામ છે ‘દિકરી દેવો ભવઃ’.




માણસાના શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ પંચદેવ મંદિર તથા આનંદીમાનો વડલો વાન પ્રસ્થાશ્રમ સંકુલ ખાતે પ્રારંભ થઈ રહેલી ‘દિકરી દેવો ભવઃ’ યોજના અંતર્ગત કોઈ પણ સમાજની દિકરીના લગ્ન તેના મા-બાપ પોતાના સમાજ કે જ્ઞાતિના રીતરિવાજ અનુસાર જે યોગ્ય મુહુર્ત આવતું હોય તે જ મુહુર્તમાં વિના મૂલ્યે માણસાના મકાખડ રોડ પર સ્થિત આનંદીમાના વડલે યોજી શકશે. આ લગ્નની સામાજિક-ધાર્મિક રીતિ રિવાજ મુજબની વ્યવસ્થા તથા પિયર અને સાસરી પક્ષ બંને તરફના ૫૦-૫૦ મહેમાનોની સરભરા સાથે કરિયાવરની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે. આ યોજનાને કારણે કોઈ પણ સમાજના મા-બાપ પોતાની વ્હાલસોયી દિકરીના લગ્ન હોંશે હોંશે પોતે નિર્ધારિત કરેલ મુહુર્ત અનુસાર કરાવી શકશે. મા પાલઈ વિઘ્નેશ્વરીના સાનિધ્યમાં આનંદીમાના વડલાની પવિત્ર ભૂમિમાં ‘દિકરી દેવો ભવઃ’ યોજનાનો લાભ લઈ દિકરીના વાલીઓ ‘દિકરી એ સાપનો ભારો નહીં પરંતુ સુવર્ણહાર છે’ તેવા અભિગમથી પોતાના જીવતરનો ભાર હળવો કરી કન્યાદાન કરી શકશે.

અત્રે ઉલ્લખનીય છે કે આનંદીમાના વડલે છેલ્લા એક દાયકાથી આયોજિત થતા નિઃશુલ્ક સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૫ દિકરીઓના કન્યાદાન થઈ ચુકયા છે. જો કે કેટલાક વાલીઓ પોતાની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી હોવા છતાં આ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવનો લાભ નથી લઈ શકતા કેમ કે તેમાં જે તારીખ નિર્ધારિત થાય તે તારીખે જ દિકરીના લગ્ન લેવા પડે છે જયારે તે તારીખ-મુહુર્ત તેમના સમાજમાં સ્વીકાર્ય હોતું નથી. આ પ્રકારના કેટલાંક કારણોસર જે વાલીઓ નિઃશુલ્ક સર્વજ્ઞાતિય સમૂહલગ્નનો લાભ નથી લઈ શકતા તેવા વાલીઓ હવે પોતાના સમાજ-જ્ઞાતિ અનુસાર મુહુર્તે જ વિના ખર્ચે, વિના ફિકરે યોજી શકશે જે સંસ્થા દ્વારા ખરેખર એક પ્રસંશનીય પગલું બની રહેશે.



‘છેલ્લાં દસ વર્ષથી આનંદી માના વડલે યોજવામાં આવતા સર્વજ્ઞાતિય સમૂહલગ્નોમાં કેટલાક જરૂરિયાતમંદ વર્ગના મા-બાપ આર્થિક નબળી પરિસ્થિતિમાં હોવા છતાં દિકરીને પરણાવવા જોડાતાં નહોતા. આ બાબતે તેમની સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું મૂહુર્ત તેમના સમાજ જ્ઞાતિના રીતરિવાજ અનુસાર અનુકૂળ નહતું આવતું. આ મુશ્કેલીને દૂર કરવા અમે આ ‘દિકરી દેવો ભવઃ’ની યોજનાનું આયોજન કર્યું છે. જે મારા પોતાના લગ્નજીવનના ૩૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે તા. ૯મી ડિસેમ્બરે ખુલ્લી મુકવામાં આવશે. આ યોજન અંતર્ગત કોઈ પણ નાત-જાત-જ્ઞાતિ કે સમાજના ભેદભાવ વિના વાલીઓ તેનો લાભ લઈ શકશે.’

**- દિનેશભાઈ વ્યાસ**
**માનદ મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ**